પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૯૮ | ૧૯ મે, ૨૦૨૨, ગુરૂવાર; વૈશાખ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# હળવદમાં દિવાલ ધરાશાયી થતાં ૧૨નાં મોત

**મીઠાના કારખાનામાં દિવાલ ધરાશાયી થતાં ૧૨થી વધુ શ્રમિકોનાં મોત નિપજ્યા : દુર્ઘટનાની ગંભીરતાને જોતા મૃત્યુઆંક વધવાની સંભાવના, ૨૦-૨૫ જેટલા શ્રમિકો મીઠાના પેકેજિંગનું કામ કરી રહ્યા હતા ત્યારે હોનારત સર્જાઈ**







મોરબી, તા.૧૭

મોરબીના હળવદમાં આવેલી જીઆઈડીસીમાં એક કરૂણ ઘટના બની છે, મળતી વિગતો પ્રમાણે મીઠાના કારખાનામાં દીવાલ ધરાશાયી થવાથી ૧૨થી વધુ શ્રમિકોના મોત થઈ ગયા છે. અકસ્માત બાદ દીવાલના કાટમાળ નીચે દટાયેલા લોકોને બહાર કાઢવાના પ્રયાસ શરુ કરવામાં આવ્યા છે. આ દુર્ઘટના બપોરના ૧૨ વાગ્યાની આસપાસ બની હોવાનું જાણવા મળી રહ્યું છે. મીઠાના કારખાનમાં બનેલી દુર્ઘટનામાં મોતને ભેટેલા લોકોના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે જ્યારે ઘાયલોને સારવાર માટે ખસેડવાની તજવીજ પણ હાથ ધરવામાં આવી છે. દુર્ઘટનાની ગંભીરતાને જોતા મૃત્યુઆંક વધવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું છે.

સાગર સોલ્ટ નામના મીઠાના કારખાનામાં આ દુર્ઘટના બની હોવાનું સ્થાનિક મીડિયા રિપોર્ટ્સમાં જણાવવામાં આવી રહ્યું છે. આ કારખાનામાં મીઠાનું પેકેજિંગનું કામ ચાલી રહ્યું હતું ત્યારે દુર્ઘટના સર્જાઈ હતી. અહીં ૨૦-૨૫ જેટલા શ્રમિકો મીઠાના પેકેજિંગનું કામ કરી રહ્યા હતા ત્યારે હોનારત સર્જાઈ હતી અને ત્યારે એક દીવાલ ધરાશાયી થઈ હતી અને તે પછી ત્યાં મૂકેલા થેલા પણ પડ્યા હતા અને બધાની નીચે લગભગ ૩૦ જેટલા શ્રમિકો દટાઈ ગયા હતા.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મોરબીમાં બનેલી ઘટનાને હૃદય કંપી જાય તેવી ગણાવી છે, વડાપ્રધાને આ ઘટના અંગે દુઃખ વ્યકત કરતા આ દુર્ઘટનામાં પોતાના પરિવારને ગુમાવનારા લોકોને હિંમત મળે તેવી કામના કરી છે. પીએમએ ઘાયલો જલદી સાજા થાય તેવી આશા વ્યક્ત કરી છે અને આ ઘટનાના અસરગ્રસ્તોને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા જરુરી સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી હોવાનું પણ જણાવ્યું છે.

આ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોના વારસદારોને રાજ્ય સરકાર તરફથી ૪ લાખ રૂપિયા જ્યારે કેન્દ્ર સરકાર તરફથી ૨ લાખ રૂપિયા આપવાના જાહેરાત કરવામાં આવી છે. આ સાથે કેન્દ્ર સરકાર ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયાનું વળતર આપશે.

અચાનક દીવાલ તૂટી પડવાની ઘટના બનતા ત્યાં કામ કરી રહેલા શ્રમિકો ગભરાઈ ગયા હતા. આ પછી કેટલાક શ્રમિકો દીવાલની નીચે દટાઈ ગયા હોવાની ખબર પડતા તેમની બહાર કાઢવા માટે તાત્કાલિક કામગીરી શરુ કરવામાં આવી હતી. આ બનાવની જાણ થતાં જિલ્લા કલેક્ટર જેબી પટેલ સહિતના અધિકારીઓ પણ ઘટના સ્થળ પર પહોંચી ગયા હતા. દુર્ઘટના મોટી હોવાથી જીસીબી સહિતના સાધનો પણ અહીં કામે લગાડવામાં આવ્યા છે.

દીવાલ કઈ રીતે ધરાશાયી થઈ તેનું કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી, પરંતુ કામદારો આ દીવાલની નજીકમાં બેસીને મીઠાનું પેકિંગ કરી રહ્યા હતા ત્યારે અચાનક દુર્ઘટના સર્જાઈ હતી. બનાવ બાદ અહીં લોકોની ચીસો અને રોકકળથી કારખાનું ગુંજી ઉઠ્યું હતું. કાટમાળ નીચેથી કઢાયેલા મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલવાની તજવીજ હાથ ધરવામાં આવી છે અને જે શ્રમિકો ઘાયલ થયા છે તેમને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવી રહ્યા છે.

આ ઘટના અંગે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પણ જાણ કરવામાં આવી છે અને તેમણે ઘાયલોને તાત્કાલિક સારવાર મળે તેવી સુવિધા ઉભી કરવાના આદેશ આપી દીધા છે. આ સાથે સ્થાનિક નેતાઓ પણ ઘટના સ્થળ પર જવા માટે રવાના થઈ ગયા હોવાની વિગતો મળી રહી છે.

### ૧૨ મૃતકોના નામ

રમેશભાઈ નરસિંહભાઈ ખીરાણા, કાજલબેન જેશાભાઈ, દક્ષાબેન રમેશભાઈ કોળી, શ્યામભાઈ રમેશભાઈ કોળી, રમેશભાઈ મેઘાભાઈ કોળી, દિલાભાઈ રમેશભાઈ કોળી, દિપકભાઈ દિલીપભાઈ સોમાણી, રાજુભાઈ જેરામભાઈ, દિલીપભાઈ રમેશભાઈ, શીતબેન રમેશભાઈ, રાજીબેન ભરવાડ, દેવીબેન ભરવાડ.

## દુર્ઘટનામાં મૃત્યુ પામેલા પ્રત્યેક શ્રમિકના વારસદારને ૪ લાખ રૂપિયાની સહાયની જાહેરાત

**જાન ગુમાવનારા શ્રમિકો પ્રત્યે હ્રદયપૂર્વકની સંવેદના વ્યક્ત કરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મોરબી જિલ્લાના હળવદની જી.આઈ.ડી.સી માં દિવાલ ધસી પડવાની દુર્ઘટનાને કારણે જાન ગુમાવનારા શ્રમિકો પ્રત્યે હ્રદયપૂર્વકની સંવેદના વ્યક્ત કરી છે.

મુખ્યમંત્રીશ્રીએ આ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા પ્રત્યેક શ્રમિકના વારસદારને ૪ લાખ રૂપિયાની સહાય મુખ્યમંત્રી રાહત નિધિમાંથી આપવાની જાહેરાત પણ કરી છે. તેમણે મૃતક શ્રમિકોના આત્માની શાંતિ માટે પ્રભૂ પ્રાર્થના પણ કરી છે. મુખ્યમંત્રીશ્રીને આ ઘટનાની જાણકારી મળતાં જ તેમણે મોરબી જિલ્લા કલેકટર અને તંત્રવાહકોને તાત્કાલિક બચાવ-રાહત કામગીરી માટે સૂચનાઓ આપી હતી.

## ડીએમઓ સ્તરના અધિકારીઓ પાસેથી પૂજા સિંઘલની લાંચ પેટે રૂપિયા લેતી હોવાની કબુલાત

**ઈડી સામે એક પછી એક કારસ્તાન કબૂલતી આઈએસ : પૂછપરછ દરમિયાન પૂજાની ત્રણ વખત તબિયત બગડી, ખનન સચિવ સસ્પેન્ડ થયા હોવા છતાં એફઆઈઆર કેમ ન નોંધાઈ એવો હાઈકોર્ટનો વેધક સવાલ**

નવી દિલ્હી, તા.૧૮

આઈએએસ અધિકારી પૂજા સિંઘલની સામે બેસીને દુમકાના ડીએમઓ કૃષ્ણચંદ્ર કિસ્કૂ અને પાકુડના ડીએમઓ પ્રમોદ કુમાર સાહની પૂછપરછ કરવામાં આવી તો મોટા ખુલાસા થયા. પૂછપરછ દરમિયાન બંને અધિકારીઓએ દર મહિને મોટી રકમ પહોંચાડવાની જાણકારી આપી. આમની સામે બેસીને ઈડીના અધિકારીઓએ પૂજા સિંઘલની ચકાસણી કરાવવા ઈચ્છી કે ડીએમઓ જે બોલી રહ્યા છે તે સાચુ છે કે નહીં. ઈડીના સૂત્રો અનુસાર પૂછપરછમાં પૂજા સિંઘલ સ્વીકાર કર્યો કે તેમને દર મહિને ગેરકાયદેસર ખનન અને રેતીની ગેરકાયદે દાણચોરીથી રુપિયા મળતા હતા. ડીએમઓ સ્તરના અધિકારીઓ પાસેથી પણ રૂપિયા લેવાની વાત પૂજા સિંઘલે કબૂલી છે.

પૂછપરછ દરમિયાન મંગળવારે ત્રણ વખત પૂજા સિંઘલે તબિયત ખરાબ હોવાનુ જણાવ્યુ. જે બાદ ડોક્ટરોની ટીમને બોલાવવી પડી. ડોક્ટરોએ પૂજા સિંઘલને સ્વસ્થ જણાવ્યા છે, પરંતુ બીપી વધવા-ઘટવાનુ તપાસમાં સામે આવ્યુ છે.

હાઈકોર્ટમાં શેલ કંપનીઓના મામલે સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસે પૂછ્યુ કે આ મામલે ખનન સચિવ સસ્પેન્ડ થયા છે તો તેની પર એફઆઈઆર કેમ નોંધવામાં આવી નહીં. શુ કોર્ટે આ પ્રકારની એફઆઈઆર કરવા પર કોઈ રોક લગાવી છે.

સચિવ આ મામલે શંકાસ્પદ છે તો તેમના વિરુદ્ધ કાર્યવાહી કરવી જોઈએ. આની પર સરકારનો પક્ષ રાખતા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે કહ્યુ કે જ્યારે આ મામલે કોઈ એફઆઈઆર નોંધી નહીં તો કયા આધારે કેસની તપાસ સીબીઆઈને સોંપવામાં આવી શકે છે. સુનાવણી દરમિયાન કોર્ટે અરજદારના એડવોકેટને પૂછ્યુ કે જ્યારે મનરેગા કૌભાંડમાં આરોપી અધિકારી વિરુદ્ધ કોઈ એફઆઈઆર નોંધી નહીં. તો આની સીબીઆઈ તપાસના આદેશ

● અનુસંધાન પાન-૭ પર

## કાર્તિના નજીકના સાથી ભાસ્કર રમણની સીબીઆઈ દ્વારા ધરપકડ

**કોંગ્રેસના સાંસદ પર કાયદાની ભીંસ વધી : ચીન સાથે સંકળાયેલા એક કેસ મામલે આ દરોડા પાડવામાં આવ્યા હતા, તેના અનુસંધાને આજે ભાસ્કર રમણની ધરપકડ કરવામાં આવી**

નવી દિલ્હી, તા.૧૮

કોંગ્રેસી સાંસદ કાર્તિ ચિદંબરમના નજીકના ગણાતા એક



વ્યક્તિની સીબીઆઈ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. ગઈકાલે પાડવામાં આવેલા દરોડા બાદ આ એક્શન લેવામાં આવી છે. મુજબ કાર્તિ ચિદંબરમના નજીકના ગણાતા ભાસ્કર રમણની ધરપકડ કરવામાં આવી છે. ભાસ્કર પર લાંચ લેવાનો અને ભ્રષ્ટાચાર કરવાનો આરોપ લાગ્યો છે.

ઉલ્લેખનીય છે કે, ગત રોજ કાર્તિ ચિદંબરમના ૯ જેટલા સ્થળોએ દરોડા પડ્યા હતા. ચીન સાથે સંકળાયેલા એક કેસ મામલે આ દરોડા પાડવામાં આવ્યા હતા. તેના અનુસંધાને આજે ભાસ્કર રમણની ધરપકડ કરવામાં આવી છે. સીબીઆઈએ મંગળવારે લોકસભા સાંસદ કાર્તિ ચિદંબરમ સામે એક નવો કેસ દાખલ કર્યો હતો. પૂર્વ નાણા મંત્રી પી. ચિદંબરમના દીકરા કાર્તિ પર આરોપ છે કે, તેણે ૨૫૦ ચીની નાગરિકોને ભારતીય વીઝા અપાવ્યો હતો. તેના બદલામાં તેમણે ૫૦ લાખની લાંચ લીધી હતી.

## બિહારમાં વાહન ચેકિંગમાં ૨૭૬ કિલોની ચાંદી મળી

**એક્સાઇઝ વિભાગની ટીમને મોટી સફળતા : કાનપુરથી દરભંગામાં લઈ જવાતી ચાંદીને કુચાયકોટની બલથરી ચેકપોસ્ટ પર આબકારી વિભાગની ટીમ દ્વારા જપ્ત કરાઈ**

ગોપાલગંજ, તા.૧૮

બિહારના ગોપાલગંજમાં એક્સાઇઝ વિભાગની ટીમને મોટી સફળતા મળી છે. ટીમે વાહન તપાસ દરમિયાન કાચી ચાંદીનો જંગી જથ્થો જપ્ત કર્યો છે. જપ્ત કરાયેલી ચાંદીનું વજન આશરે ૨૭૬ કિલો છે અને તેની દાણચોરી કાનપુરથી દરભંગામાં કરવામાં આવી રહી હતી. કુચાયકોટની બલથરી ચેકપોસ્ટ પર આબકારી વિભાગની ટીમ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી છે. આ કેસમાં એક્સાઇઝ વિભાગની ટીમે બે લોકોને કસ્ટડીમાં લીધા છે અને તેમની પૂછપરછ કરી રહી છે.

મળતી માહિતી પ્રમાણે યુપીથી આવતા તમામ વાહનોને એક્સાઇઝ વિભાગની ટીમ દ્વારા રૂટીન ચેકઅપ હેઠળ ચેક કરવામાં આવી રહી હતી. વાહન ચેકિંગ દરમિયાન જ્યારે લક્ઝરી કારની તલાશી લેવામાં આવી ત્યારે તે કારમાંથી મોટી માત્રામાં ચાંદી મળી આવી હતી.

શંકાના આધારે એક્સાઈઝ વિભાગની ટીમે જ્યારે વાહનના ડ્રાઈવર અને અન્ય એક વ્યક્તિને કસ્ટડીમાં લઈ પૂછપરછ કરી તો ખબર પડી કે આ ચાંદી કાનપુરથી બિહારના દરભંગા જઈ રહ્યો હતો. ચાંદીના કાગળો વ્હોટ્સએપ દ્વારા





દરભંગા લઈ જવામાં આવી રહી હતી. ધરપકડ કરાયેલા એક વ્યક્તિનું નામ મનોજ કુમાર ગુપ્તા જ્યારે અન્ય વ્યક્તિનું નામ શિવશંકર મહતો છે. ધરપકડ કરાયેલા મનોજ કુમાર ગુપ્તાએ જણાવ્યું કે તે કાનપુરથી ચાંદીના મોટા કન્સાઈનમેન્ટ લઈને દરભંગા મોકલવામાં આવ્યા છે. પરંતુ તે પોતાની સાથે કોઈ કાગળો લઈ શક્યો ન હતો. ધરપકડ કરાયેલ વ્યક્તિએ જણાવ્યું કે જપ્ત કરાયેલી ચાંદીનું વજન ૧૧૦ કિલો છે. જ્યારે ઉત્પાદન વિભાગની ટીમે તેનું વજન કર્યું ત્યારે ૨ ક્વિન્ટલ ૭૬ કિલો હતું.

## રાજીવ ગાંધી હત્યાના દોષિત એ.જી. પેરાવિવલનને મુક્ત કરવા આદેશ

**રાજીવ ગાંધી હત્યાકાંડ કેસમાં સુપ્રીમનો નિર્ણય**

નવી દિલ્હી, તા.૧૮

રાજીવ ગાંધી હત્યાકાંડ સાથે સંકળાયેલા કેસમાં સુપ્રીમ કોર્ટે મહત્વનો નિર્ણય લીધો છે. સુપ્રીમ કોર્ટે રાજીવ ગાંધી હત્યાકાંડના દોષી એ. જી. પેરારિવલનને મુક્ત કરવા માટેનો આદેશ આપી દીધો છે. ઉલ્લેખનીય છે કે, પેરારિવલન ૩૧ વર્ષથી જેલમાં બંધ છે.

સુપ્રીમ કોર્ટે ૨ મહિના પહેલા પેરારિવલનના સારા વર્તનના કારણે તેમને જામીન આપવા આદેશ આપ્યો હતો. જોકે જામીન છતાં તે જેલમાં બંધ હતા. ત્યારે હવે સુપ્રીમ કોર્ટે અનુચ્છેદ ૧૪૨નો ઉપયોગ કરીને પેરારિવલનની મુક્તિ માટે આદેશ આપ્યો છે.

૨૧ મે ૧૯૯૧ના રોજ તમિલનાડુ ખાતે એક ચૂંટણી રેલી દરમિયાન એક આત્મઘાતી હુમલામાં દેશના પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની હત્યા કરવામાં આવી હતી. તે મામલે પેરારિવલન સહિત ૭ લોકોને દોષી ઠેરવવામાં આવ્યા હતા. આ કેસમાં ટાડા અદાલત અને સુપ્રીમ કોર્ટે પેરારિવલનને મૃત્યુની સજા સંભળાવી હતી.

બાદમાં દયા અરજીની સુનાવણીમાં વિલંબના કારણે પેરારિવલનની મૃત્યુની સજાને ઉંમરકેદમાં ફેરવી દેવામાં આવી હતી. ત્યાર બાદ તમિલનાડુ સરકારે તેમની ઉંમરકેદને ખતમ કરીને મુક્ત કરી દેવા માટે એક રિઝોલ્યુશન પાસ કર્યું હતું.

પેરારિવલન પર હત્યાકાંડમાં બોમ્બ વિસ્ફોટ માટે ઉપયોગમાં લેવામાં આવેલી ૯ વોલ્ટની ૨ બેટરી ખરીદીને માસ્ટરમાઈન્ડ શિવરાસનને આપવાનો દોષ સિદ્ધ થયો હતો.

## શીના બોરા હત્યાકાંડમાં મુખ્ય આરોપી ઈંદ્રાણી મુખર્જીના જામીન મંજૂર

નવી દિલ્હી, તા.૧૮

શીના બોરા હત્યાકાંડમાં સુપ્રીમ કોર્ટ તરફથી મહત્વનો નિર્ણય સામે આવ્યો છે. કોર્ટે આ કેસના મુખ્ય આરોપી ઈંદ્રાણી મુખર્જીને જામીન આપી દીધા છે. સુપ્રીમ કોર્ટનું કહેવું છે કે, તેઓ પહેલા જ ૬.૫ વર્ષથી જેલમાં હતાં. જસ્ટિસ એલ નાગેશ્વર રાવ, બીઆર ગવઈ અને એએસ બોપન્નાની બેન્ચે આ નિર્ણય સંભળાવ્યો છે. મુંબઈ પોલીસે ૨૫ ઓગષ્ટ ૨૦૧૫ના રોજ પુત્રી શીનાની હત્યાના આરોપમાં મુખર્જીની ધરપકડ કરી હતી.

કોર્ટે કહ્યું કે, ઈંદ્રાણી મુખર્જી ૬.૫ વર્ષથી કસ્ટડીમાં છે. અમે કેસના મેરિટ્સ પર કોઈ ટિપ્પણી નથી રહ્યા. ભલે ફરિયાદ પક્ષ તરફથી ૫૦% સાક્ષીઓને મુક્ત કરી દેવામાં આવ્યા હોય પરંતુ આ કેસ જલ્દી પૂર્ણ નહીં થશે.

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●
આપના પોતાના અખબારમાં
પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી
અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો
વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com
ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧
નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

ભાડે આપવાની છે
ઓફીસો
વૃંદાવન ટ્રેડ સેન્ટરમાં
500 / 1000 સ્ક્વેર ફુટ,
કુડાસણ, ગાંધીનગર.
M.85111 34949

બી. પટેલ & કંપની
વ્યક્તિગત, HUF, ભાગીદારી પેઢી, Pvt. Ltd. Co. તથા Company એક્ટ હેઠળ નોંધાયેલ કંપનીના હિસાબો તૈયાર કરી Annual Return ફાઈલ કરવા સંપર્ક કરો.
Mo. 9714939599

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા
15g પ્રોટીન
₹27*/ 500 mL
અમૂલ શક્તિ
Amul The Taste of India
*એમઆરપી (બધાં કરવેરા સહિત), ટ્રાન્સપોર્ટેશન અને કૂલિંગ ચાર્જિસ સામેલ છે. શરતો લાગુ. પૂછપરછ/ઉપલબ્ધતા માટે કૃપા કરી સંપર્ક કરોઃ અમદાવાદ અને સૌરાષ્ટ્રઃ 079 - 23969055/56/57